જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૯/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૬૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦૮ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૦ બિયર ટીન, ૧ કાર, ૧ રીક્ષા, ૧ મોટર સાયક્લ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૬૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૬૫/૨૦૨૩

**રાણીપઃ** રાકેશકુમાર દેવચંદભાઇ પરમાર (ઉ.વ.૩૬)(રહે.રાણીપ રેલ્વે પોલીસ લાઇન સેન્ટ્રલ જેલ સામે રાણીપ) એ તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રાકેશકુમાર પરમાર નાઓ રાણીપ સુભાષબ્રીજ સર્કલ નંદનવન કોમ્પલેક્ષ આગળ આવેલ ચાની કીટલી ખાતે અવર-નવર બેસાતા હોઈ ત્યા મયંકભાઇ વ્યાસ નામની વ્યક્તિ સાથે ઓળાખણ થઈ હતી અને પોતે મેડીકલના ધંધામાં રોકાણ કરતા હોવાનું જણાવેલ. ત્યારબાદ મયંક વ્યાસ સાથે ઓળખાણ થતા તા.૦૪/૦૮/૨૦૨૨ થી તા.૦૫/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન મયંકભાઇ વ્યાસે “મેડીકલના ધંધામાં પૈસા રોકાણ કરવાથી સારો નફો મળશે” તેમ કહી લોભામણી લાલચ આપી રાકેશકુમાર પરમાર પાસેથી ગુગલ-પે દ્વારા અલગ-અલગ ટ્રાન્જેક્શન કરાવી કુલ રૂપિયા ૧,૨૩,૬૦૦/- મેળવી લઈ રૂપિયા પરત નહી અપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.ગોહેલ ચલાવે છે.

**નવરંગપુરાઃ** યુગભાઇ રૂપેશભાઈ દેસાઈ (ઉ.વ.૨૬)(રહે.આશાવરી ટાવર વાઈડ એંગલ પાછળ ઈસ્કોન ચાર રસ્તા સેટેલાઈટ) એ તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૨ થી તા.૨૧/૦૯/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા લખુડી તલાવડી સર્કલ પાસે સેવીયર હોસ્પીટલ સામે ચૈતન્ય સોસાયટીમાં મકાન નંબર-૧૦ ખાતે આવેલ "સ્કેફોલ્ડીંગ રેન્ટલ સ્ટોર" નામની યુગભાઇ દેસાઇની ઓફીસ ખાતે આરોપી હરીશભાઈ ચેતનભાઈ ઠકકર (રહે.વિષ્ણુપુરા સીંધી કોલોની પાસે ઉજ્જૈન મધ્યપ્રદેશ) એ યુગભાઇને વિશ્વાસમાં લઈ તેઓ પાસેથી સેન્ટીંગના ફર્મા નંગ ૪૦૬૦ કિમત રૂપિયા ૨૪,૪૭,૦૬૦/- ભાડે લઈ જઈ ફર્મા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૬૬/૨૦૨૩</u>**

**પાલડીઃ** ભારતીબહેન વા/ઓ પંકજભાઈ શાહ (ઉ.વ.૭૬) (રહે.પંકજ વિલા બંગ્લોઝ, વર્ધમાન ફલેટની બાજુમાં મહાલક્ષ્મી પાંચ રસ્તા પાલડી) એ તા.૨૧/૦૯/૨૦૨૩ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી તા.૨૦/૦૯/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનો નકૂચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી ચાંદીના વાસણો કિંમત રૂપિયા ૧,૫૯,૬૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૯,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુકલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૬૭/૨૦૨૩</u>**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** રેખાબહેન વા/ઓ સંજયભાઇ ચુનારા (ઉ.વ.૪૦)(રહે.કસાઇ જમાતની ચાલી ચેપીરોગ હોસ્પીટલ ટોરન્ટ પાવર હાઉસ સામે દાણીલીમડા) તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ સામા પાંચમ હોઈ બપોરના ૪/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન રીવરફ્રન્ટ પુર્વ જમાલપુર બ્રિજ પાસે આવેલ સપ્તરૂષીનો આરો ખાતે ધાર્મિક વિધી કરવા ગયા હતા. જ્યાં વિધી દરમ્યાન અજાણી માહીલાએ નજર ચુકવી રેખાબહેન ચુનારાના કાનમાં પહેરેલ સોનાની કડીઓ તેમજ અન્ય પાંચ મહિલાઓની કાનમાં પહેરેલ સોનાની કડીઓ મળી કુલ નંગ-૭ કિમત રૂપિયા ૪૧,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ રેખાબહેન ચુનારાએ રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હરેશભાઇ લાભુભાઇ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૮/૨૦૨૩**

**રામોલઃ** રવિન્દ્રભાઇ પ્રહલાદભાઇ ચુનારા (ઉ.વ.૨૫)(રહે. ચુનારાવાસ કબ્રસ્તાન પાસે રામોલ ગામ) તા.૨૧/૦૯/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની ઇલેકટ્રીક મોટર ચાલુ કરી પાણી છાંટતા હતા ત્યારે વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૯/૨૦૨૩**

**વાસણાઃ** ચેતનભાઇ જયંતિભાઈ પરમાર (ઉ.વ.૨૭)(રહે.મહેદીકુવા મ્યુનિ.સ્ટાફ કવાર્ટસ, શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૩ સાંજના ૫/30 વાગ્યા પહેલા વાસણા જીવરાજપાર્ક વિશ્વકર્મા સોસાયટી દુકાન નંબર ૪૩/૩ ખાતે એલ્યુમિનીયમ સેકશનના દરવાજાની ફ્રેમ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રકુમાર કમલેશભાઈ ચલાવે છે.

**નારોલઃ** મેરૂભાઇ બાબુભાઇ સોલંકી (ઉ.વ.૩૫) (રહે. મુસ્તાકભાઇના ડબ્બાના કારખાના પાસે ખુલ્લી જગ્યામાં ગુલાબનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા નારોલ એકતાનગરની બાજુમાં પીપળજ પીરાણા રોડ બંગાળીવાસ ગણેશનગરના કાચા છાપરાં ખાતે પોતાની સાસરી ખાતે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી